Y6B5R8

# 7 ઢેબરાંનો ન્યાય

**ગાઓ ગીતિકા. બનો હસનારા!**

અમે તો સદાય હસનારા!
રોતા છો રોનારા, રોતા અમે ન રહેનારા. અમે૦

મુખ અમારું સદા મલકતું
ફૂલ મોગરા તણું ઝલકતું,
દુ:ખ તણા દવ ખેડી પાર ઊતરનારા. અમે૦

ઉષા-ગુલાબો હૃદયે ફોરે,
નિત્ય નવા આનંદો મોરે,
શોકસમુદ્રોમાંયે મનની મોજે તરનારા. અમે૦

તીક્ષ્ણ શૂળ છો વીંધે વેરી,
કારી ઘા છો લેતા ઘેરી,
ભાલા હોય વરસતા તેમાં નાચી ના'નારા. અમે૦

વિપદોનાં વાદળ-દળ ગાજે,
વસમી વીજો આંખે આંજે,
તોય અમે ઉલ્લાસે ઊંચા સૂરે ગાનારા. અમે૦

– પૂજાલાલ દવે

**શું લખ્યું છે? જોડીમાં કામ કરીને ઉકેલો.**

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક - ૧ | ખ-૨ | ગ-૩ | ઘ-૪ | ઙ-૫ | ચ-૬ | છ-૭ | જ-૮ | ઝ-૯ | ઞ-૧૦ | ટ-૧૧ |
| ઠ-૧૨ | ડ-૧૩ | ઢ-૧૪ | ણ-૧૫ | ત-૧૬ | થ-૧૭ | દ-૧૮ | ધ-૧૯ | ન-૨૦ | પ-૨૧ | ફ-૨૨ |
| બ-૨૩ | ભ-૨૪ | મ-૨૫ | ય-૨૬ | ર-૨૭ | લ-૨૮ | વ-૨૯ | શ-૩૦ | ષ-૩૧ | સ-૩૨ | હ-૩૩ |
| ળ-૩૪ | ક્ષ-૩૫ | જ્ઞ-૩૬ | અ-૩૭ | ઇ-૩૮ | ઈ-૩૯ | ઉ-૪૦ | ઊ-૪૧ | ઋ-૪૨ | | |

**ઉદાહરણ :**
- કેકારવ - ૧ે-૧ા-૨૭-૨૯
- ૨૮-૨૫-૧૫ા-૧ૂ-૧૧ - લમણાકૂટ
- ગજવું નવા બુશકોટ પાસે જાય છે.

૩-૮-૨૯ું ૨૦-૨૯ા ૨૩ુ-૩૦-૧ો-૧૧ ૨૧ા-૩૨ે ૮ા-૨૬ ૭ે

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

1. ૨૫ાં-૮-૨ૡું : ______

2. તમારું, તમારા માતા-પિતાનું નામ કોઠામાં આપેલ મૂળાક્ષરોના કોડમાં લખો.

______ ______ ______

3. શાહમૃગનું ઈંડું મોટું ચીભડાં જેવું હોય છે. : ______

4. ૧ા-૬-૨૩ા ૨૧-૨૭ ૩૨-૨૯ા-૧૩ ૨૫ા-૭-૨ટી ૨૨-૨૭-૨૯ા ૨ઠી-૧-૩૪ી

ચિઠ્ઠીમાં જે આવે તેમ કરો.

૨ઉે-૧ૂ-૧૮-૧ા-૨૫ા-૨૭ો

**આવી કેટલીક ચિઠ્ઠીઓ બનાવો. ચિઠ્ઠી ઉપાડવાની રમત રમાડો. વિદ્યાર્થીના હાથમાં ચિઠ્ઠી આવે તે ક્રિયા તે કરી બતાવે તેમ આ રમત રમાડો.**

**સાંભળો, મન પડે તેટલી વાર વાંચો. ઘરે વડીલોને પણ આ વાર્તા વાંચી સંભળાવો.**

## બકરીની અરજી

એક હતા કાકા.

કાકાનું નામ ખબર નથી, પણ આપણે એમને છજુકાકા કહેશું.

છજુકાકાની પાસે મિલકતમાં એક ઝૂંપડી અને એક બકરી.

આટલી મિલકતથી કાકા સુખી હતા. કહેતા, ‘‘આટલુંયે કેટલાની પાસે છે?’’

કાકાના ઘરની પાસે એક શ્રીમંત શેઠનું ઘર હતું. ઘર મોટું ને ચારે બાજુ બગીચો હતો.

બગીચામાં સુંદર લીલોતરી હતી. છજુકાકાની બકરી ઘણી વાર એ લીલાકૂણા ઘાસ તરફ લાલચુ આંખે જોઈ રહેતી પણ છજુકાકા બકરીને બરાબર અંકુશમાં રાખતા. એને ક્યારેય આઘીપાછી થવા દેતા નહિ. કેટલીય વાર એ ભૂખી રહેતી. હવે એ દૂધ પણ ખૂબ ઓછું દેતી હતી.

કાકી કહે, ‘‘બકરી, તું દૂધ દે.’’

બકરી કહે, ‘‘કાકી, તું લીલુંછમ ખાવાનું દે.’’

કાકી કહે, ‘‘લીલુંછમ ખાવાનું તો નથી.’’

બકરી કહે, ‘‘તો દૂધ પણ નથી.’’

એક દિવસ કાકા બકરીને લઈને ઘરમાંથી નીકળ્યા. કાકાના હાથમાંથી દોરડું છોડાવી એ નાઠી. પાસે જ શેઠના બગીચાની કાંટાળી વાડના છીંડામાં થઈને બકરી જઈ શકી પણ કાકાથી જઈ શકાયું નહિ. એટલે કાકા બગીચાના મોટા દરવાજા ભણી ગયા. તેમણે માળીને કહ્યું, ‘‘મારી બકરી અંદર ઘૂસી ગઈ છે, એને બહાર કાઢો.’’

માળી બોલ્યો, ‘‘ઘૂસી ગઈ છે કે ઘુસાડી છે? બદમાશી કરીને પાછો સફાઈ કરવા આવ્યો છે, કેમ!’’

એણે કાકાને અંદર ઘૂસવા દીધા નહિ અને ડાંગ લઈ બકરીની પાછળ પડ્યો. જોયું તો બકરી લહેરથી નાના-નાના છોડની કૂણીકૂણી પત્તીઓ ખાતી હતી. એ જોઈ માળીને ગુસ્સો ચડ્યો. તેણે બકરીના માથામાં જોરથી ડાંગ ફટકારી. બેં બેં



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કરીને ચીસ પાડી બકરી ત્યાં જ લાંબીલસ થઈ ગઈ.

માળીએ છજુકાકાને કહ્યું, ''લઈ જા તારી બકરી.''

બકરીને મરેલી જોઈ છજુકાકાની આંખમાં આંસુ આવી ગયાં. મરેલી બકરીને ખભા પર નાખી એ ઘેર લઈ ગયા. કાકી પણ ખૂબ રોઈ.

**(હવે વાર્તામાં આગળ શું થશે?)**

રોતાં રોતાં એમણે કહ્યું, ''જાઓ, શેઠ પાસે જઈ માળીની ફરિયાદ કરો. મૂંગું પ્રાણી ભૂખ્યું હોય ને વાડીમાં પેસી જાય એટલે કંઈ એને મારી નખાતું હશે!''

કાકા બગીચાવાળા શેઠની પાસે ગયા.

કાકાએ કહ્યું, ''પણ બકરી કાંઈ સમજે છે! એ મૂંગું પ્રાણી–''

શેઠે ગુસ્સો કરીને કહ્યું, ''એ મૂંગું પ્રાણી, પણ તું તો મૂંગું પ્રાણી નથીને? તેં મારા બગીચામાં બકરીને ઘુસાડી જ કેમ?''

શેઠે ગુસ્સે થઈ નોકરને હુકમ કર્યો, ''એ...ઈ, આને પેલા ઝાડ પાસે ઊભો રાખી ચાર ચાબખા મારો.''

ચારે બાજુથી નોકરોએ દોડી આવી કાકાને પકડ્યા ને ઝાડ હેઠળ ઊભા રાખી એમને ચાર ચાબખા ચોડી દીધા.

કાકા વીલે મોંએ ઘરે આવ્યા.

કાકી કહે, ''શું થયું? શેઠે કંઈ નુકસાની આપી?''

કાકાએ કહ્યું, ''નુકસાનીમાં મને ચાર ચાબખા ફટકાર્યા! જો,આ...'

કાકીના ગુસ્સાનો પાર ન રહ્યો. તે બોલી, ''હું આ નહિ જોઈ રહું.''

કાકાએ કહ્યું, ''તો શું કરશે?''

કાકીએ કહ્યું, ''આપણે રાજાને ફરિયાદ કરીશું.''

કાકાએ કહ્યું, ''રાજાને ફરિયાદ કરવી હોય તો અરજી લખવી પડે.''

કાકીએ કહ્યું, ''તો અરજી લખીશું.''

કાકાએ કહ્યું, ''મને કે તને ક્યાં લખતાં આવડે છે?''

કાકીએ કહ્યું, ''તોય લખીશું.''

કાકા નવાઈ પામી જોઈ રહ્યા.

ઘરમાં એક લાકડાનું પાટિયું પડ્યું હતું. કાકી એ લઈ આવ્યાં. છરી વડે પાટિયાની સપાટીને ઘસી ઘસીને એને સુંવાળી બનાવી. પછી છરી વડે એ પાટિયા પર એક ચોકડી કરીને કહે : આ ચોકડી તે આપણું ઘર. ચોકડીની પાસે લીટો કર્યો. આ લીટો તે આપણી બકરી. પછી એક લાંબી લીટી કરી કહે : બકરી અહીં થઈને જાય છે. પછી મોટી ચોકડી. આ શેઠનો બગીચો. પછી નાનું ટપકું. આ વાડનું છીંડું છે. અહીં થઈને બકરી બગીચામાં પેઠી. પછી બે આડી લીટીઓ. અહીં બકરીના માથામાં લાઠી પડી ને બકરી મરી ગઈ. વાહ! કેવું સરસ લખાયું છે! રાજાને આ અરજી દેખાડી દેવાની. એની મેળે એ બધું સમજી જશે – અદલ ઈન્સાફ કર્યા વિના એ નહિ રહે.

કાકા કહે, ''અરજી તો ફક્કડ લખાઈ છે, પણ એમાં મને માર્યો એ કેમ લખ્યું નથી?''

કાકી કહે, ''એ તમે લખો. તમેય મારા જેટલું ભણેલા તો છો !''

કાકા કહે, ''વાત તો ખરી!''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આમ કહી કાકાએ છરી વડે બગીચામાં એક મોટી ચોકડી કરી. કહે : આ શેઠનું ઘર. પછી મીંડું કરી કહે : અહીં શેઠિયો બેઠો છે! પછી બીજું મીંડું કરી કહે : આ ઝાડ છે. અહીં મને ઊભો રાખ્યો છે. પછી મીંડા ઉપર ચાર ઘસરકા કરી કહે : આ મને ચાર ચાબખા માર્યા છે.''

કાકી કહે, ''બિલકુલ બરાબર, જેવી અરજી લખવી જોઈએ તેવી જ લખાઈ છે. હવે તમે આ લઈને રાજાના દરબારમાં જાઓ.''

આમ કહી કાકીએ પાટિયામાં કાણું પાડી, તેમાં લાંબી દોરી પરોવી, દોરી કાકાના ગળામાં નાખી. પાટિયું કાકાના બરડા પર લટકતું રહ્યું.

કાકી કહે, ''બિલકુલ બરાબર, અરજી ખોવાવાની હવે ધાસ્તી જ નહિ.''


છજુકાકા રાજાને અરજી કરવા ચાલ્યા.

વાટ લાંબી હતી અને રસ્તામાં મોટું જંગલ આવતું હતું.

કાકા એ જંગલમાં થઈને જતા હતા. ત્યાં એક મંદિર પાસે પૂજારી ઊભો હતો.



પૂજારીએ પૂછ્યું : ''ક્યાં ચાલ્યો દોસ્ત? જંગલમાં ફરવા નીકળ્યો છે કે શું?''



કાકાએ કહ્યું, ''ના રે ના. હું કાંઈ એમ નવરો નથી. રાજાને અરજી દેવા જાઉં છું.''

પૂજારી કહે, રાજાને મળ્યો છે ક્યારેય? જોયા છે?

કાકા તરત બોલ્યા,''ના ભાઈસાહેબ, મળ્યો નથી ને જોયા નથી, આ તો મારે પહેલીવાર જરૂર પડી એટલે અરજી લઈને જાઉં છું.


પૂજારીએ કહ્યું, ''અરજી ક્યાં છે? શી બાબતની અરજી છે?''

તરત કાકાએ પાટિયું ડોકમાંથી કાઢી પૂજારીની સામે ધર્યું ને કહ્યું, ''આ અરજી.''

કાકાને આ માણસ બહુ સમજદાર લાગ્યો એટલે ઉત્સાહમાં આવી એમણે પાટિયા પર આંગળી કરી કહ્યું, ''આ જુઓ, અહીં મારું ઘર છે. આ મારી બકરી છે. બાપડી સીધે રસ્તે ચાલી જાય છે. આ શેઠિયાનું ઘર છે...'' એમ આખીય અરજી સમજાવીને કહ્યું, ''હવે તમે જ કહો, આવા દુષ્ટને સજા ન થવી જોઈએ? મારી બકરીને મારી નાખી, મને માર્યો. રાજા શું એને છોડી દેશે? મારી પત્ની કહે છે કે રાજા એને નહિ છોડે. રાજા એને સજા કરશે.''

પૂજારીએ કહ્યું, ''છોડી શું દે! સજા કરશે. તારી પત્નીની વાત સાચી છે.''

કાકાએ કહ્યું, ''બસ તે, એટલા વાસ્તે હું આ અરજી લઈને રાજા પાસે જાઉં છું. હવે આપણે જરી નાસ્તો કરી લઈએ. મારી પત્નીએ ઘરેથી ઢેબરાં બંધાવ્યાં છે.''



કાકાએ આગ્રહ કરી કરીને પૂજારીને ઢેબરાં ખવડાવ્યાં. પૂજારી ઢેબરાં ખાતો જાય અને ઢેબરાં ઘડનારીનાં વખાણ કરતો જાય, ''તારી પત્ની ઢેબરાં બહુ સ્વાદિષ્ટ બનાવે છે, હોં.''

પછી બંને છૂટા પડ્યા...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **વાતચીત :**
  - વાર્તામાં સૌથી વધુ મજા ક્યાં આવી? શા માટે?
  - વાર્તાનો કયો સંવાદ તમને બહુ ગમી ગયો? કેમ?
  - માળીની જગ્યાએ તમે હો તો છજુકાકાને કેવા કેવા પ્રશ્નો પૂછો?
  - તમને કયાં પ્રાણીઓ બહુ ગમે? કેમ? પ્રાણીઓને મદદ કેવી રીતે કરશો?
  - છજુકાકા રસ્તામાં મળે તો તમને કેવું થાય? તેમના માટે શું કરો?
  - ગામમાં તમારી સાથે કોઈએ અન્યાય કર્યો હોય તો શું કરો?

**વાર્તામાં છજુકાકા અને કાકી અરજી લખે છે તે ફકરો વાંચો. ચિત્રમાંના પાટિયામાં અરજી લખો. તમારી અરજી તમારી બાજુની મિત્રજોડીએ લખેલી અરજી જેવી છે કે જુદી તે ચકાસો. (જોડીકાર્ય)**

**કૌંસમાંથી નજીકના અર્થવાળો શબ્દ શોધીને તેની નીચે લીટી કરી, તે શબ્દ ખાલી જગ્યામાં લખી વાક્ય ફરી વાંચો.**

**ઉદાહરણ :** આપણે બસો રૂપિયાની ઘડિયાળ પહેરીએ ને શ્રીમંત/<u>પૈસાદાર</u> લોકો બે હજારની ઘડિયાળ પહેરે, બંને ઘડિયાળ સમય તો એકસરખો જ બતાવે હો! (ગરીબ, <u>પૈસાદાર</u>, સુંદર)

1. ઘોડિયામાં મૂકવાનું નાનું ગાદલું સુંવાળું/ ________ હતું. (ખરબચડું અને કઠણ, લીસું અને નરમ, સખત અને ખાડાખૈયાવાળું)
2. રાજસભામાં સૌથી ઊંચા સ્થાને મૂકેલા સિંહાસન પર રાજા બિરાજેલા/ ________ હતા. (બેઠેલા, ઊભેલા, આરામ કરતા)
3. તમે કદી પુસ્તકાલયમાંથી ચોપડી લઈ છકામકાની વાર્તા વાંચી છે? ન વાંચી હોય તો વાંચજો અને પછી નક્કી કરજો કે એ બંને બેવકૂફ/ ________ હતા કે શાણા! (હોશિયાર, ચતુર, મૂર્ખ)
4. હજુ તો રાજાએ માત્ર ખાંડું જ ખખડાવેલું/ ________ ત્યાં તો સૈનિકો યુદ્ધ કરવા માટે સજ્જ થઈ ગયા. (તલવારથી અવાજ જ કરેલો, દરવાજો જ ખોલેલો, યુદ્ધની વાત જ કરેલી)
5. આ કાજુકતરી જબરી મીઠાઈ છે! કોઈના પણ ઘરે ખાઈએ, સ્વાદિષ્ટ/ ________ જ લાગે. (જીભને પસંદ પડે એવી, ગળી, કાજુથી ભરપૂર)

**ત્રણ-ત્રણના જૂથમાં બેસો. વાક્યો પરથી અર્થ નક્કી કરી લખો. સમૂહમાં ચર્ચા કરી અર્થ તપાસો.**

**ઉદાહરણ :** સેનાપતિ : મહારાજ, આ ઘોડો આપણા કોઈ સૈનિકોથી અંકુશમાં નથી રાખી શકાતો.

રાજા : તો નગરમાં ઢંઢેરો પીટાવો કે જે આ ઘોડાને કાબૂમાં રાખી બતાવશે તેને રાજા ઈનામ આપશે.

**અંકુશમાં રાખવું - કાબૂમાં રાખવું**

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

1. આયશા : બસ, હવે મેચ પૂરી થઈ ગઈ. તેં મને કેમ રન આઉટ કરાવી તેની સફાઈ આપવાની જરૂર નથી.

વિનોદ : હા, પણ હું તો એટલે ખુલાસો કરું છું કે તને એમ ના થાય કે હું જાણી જોઈને દોડી ગયેલો.

**સફાઈ આપવી -** ____________

2. સટરમલ : ગઈકાલે શેઠજીનો ડાઘિયો મારી બિલાડીના બચ્ચાને ખેંચી ગયેલો. હું એમની પાસે દાદ માંગવા ગયો તો એમણે મને 'તારા જેવા ભિખારડાએ મારા ઘરે પગ નહિ મૂકવાનો' એમ કહી કાઢી મૂક્યો.

પટરમલ : શેઠજીએ આ ઠીક નથી કર્યું, સટરમલ. ન્યાય માંગવાનો તો બધાંને હક છે.

**દાદ માંગવી -** ____________

3. રાધા : હા... તમને તો એમ જ છે કે મને કશી ગતાગમ પડતી જ નથી. મારી બધી વાતો તમને તો ધડમાથા વગરની લાગતી હોય છે.

માયા : તો શું! તારી બધી વાતો સમજ ન પડે એવી ને કોઈ આધાર વિનાની હોય છે, તો એમાં મારો શો વાંક!

**ધડ કે માથા વગરની -** ____________

**લીટી દોરેલ શબ્દના જેવો અર્થ બીજા વાક્યમાંથી શોધો. શોધેલા અર્થ નીચે લીટી દોરો અને ઉદાહરણ મુજબ નવું વાક્ય બનાવો. (જોડીકાર્ય)**

**ઉદાહરણ :** છજુકાકા બકરીને બરાબર **અંકુશમાં રાખતા.** એને ક્યારેય આઘીપાછી થવા દેતા નહિ.

- ચબરાક ઘોડેસવારે એકાએક દોડવા માંડેલા ઘોડાને લગામ ખેંચી **વશમાં કરી લીધો.**

1. કાકા કહે, "અરજી તો ફક્કડ લખાઈ છે."
- મહેશ નોકરીના ઇન્ટરવ્યૂ માટે બરાબર તૈયાર થઈને નીકળ્યો છે.
- ____________

2. અરજી ખોવાવાની હવે ધાસ્તી જ નહિ.
- વર્ષો પહેલાં આસપાસનાં બધાં જ ગામોમાં ડાકુઓની બહુ બીક રહેતી.
- ____________

3. અત્યારે પૂરેપૂરા રાજવી પોશાકમાં ને દબદબામાં હતો.
- લગ્નના દિવસે વરરાજાનો ઠાઠમાઠ જોવા જેવો હતો.
- ____________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4. રાજા બહુ ડાહ્યો! બહુ શાણો! મેં અરજી ધરી કે તરત વાંચીને એણે આપણો ન્યાય કર્યો.

- નંદિની ખૂબ જ ચતુર છોકરી છે, કોઈ પણ સ્થિતિમાં શું કરવા જેવું છે તેની તેને ખબર પડે.
- 

- **ચાલો ગાઈએ ગીતિકા : અમે તો સદાય હસનારા!...**

**બંને હાથ એક મિનિટ સુધી ઊંચા રાખો. કૌંસમાં આપેલા દરેક શબ્દને યોગ્ય જગ્યાએ મૂકી વાક્ય લાંબું કરો.**

**ઉદાહરણ :** ભેંસને વરસાદ ન ગમે પણ વરસાદથી ઊગેલું ઘાસ તો ગમે. (લીલુંછમ, કાળી, ખૂબ)

કાળી ભેંસને વરસાદ ન ગમે પણ વરસાદથી ઊગેલું લીલુંછમ ઘાસ તો ખૂબ ગમે.

1. પિલ્લુનું મોં જોઈને અમે પૂછ્યું ત્યારે ખબર પડી કે વાંદરાએ એને ફટકો માર્યો હતો. (કાળિયા, જોરદાર, લાલચોળ)

2. ચોમાસાની ઋતુ છે તોય આજે આકાશ વાદળ વિનાનું દેખાય છે. (આખું, ધોળુંધબ, એક પણ)

3. ગઈ ધુળેટી પર નટુએ મનુનું મોઢું એવું કરી દીધેલું કે મનુની મમ્મી પણ તેને ઓળખી શકી નહિ. (કાળુંમેંશ, તોફાની)

4. વર્ગના વિદ્યાર્થીઓને તોફાન-મસ્તી કરતા જોઈને સાહેબ આવ્યા ને ભાષણ આપી ગયા. (લાબુંલચ, ઘુવડગંભીર, બધા)

5. ગઈ રાત્રે યોજાયેલી ગ્રામસભામાં છજુકાકાએ કરેલું ભાષણ ગામલોકોને ગમી ગયું. (સૌ, ટૂંકુંટચ, ખૂબ)

**જે વાક્ય ખરું હોય તેની પાછળ ✓ અને જે ખોટું હોય તેની પાછળ ✗ કરો. (ઘરકામ)**

**ઉદાહરણ :** શેઠના બગીચામાં જ્યાંથી બકરી ઘૂસી ત્યાંથી છજુકાકા પણ ઘૂસ્યા. ✗

1. કાકાએ બગીચામાં જઈને માળીને બકરી બહાર કાઢવાની વિનંતી કરી.
2. બકરીને જોરથી ડાંગ ફટકારી એમાં છજુકાકાને કોઈ વાંધો ન હતો.
3. છજુકાકા કરતાં કાકી વધુ હોશિયાર હતાં.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4. શેઠે છજુકાકાને ચાર ચાબખા માર્યા.
5. કાકાને પોતાની સંપત્તિ પ્રત્યે સંતોષ હતો.
6. કાકા અને કાકી બિલકુલ ભણેલાં ન હતાં તેથી અરજી નવી રીતે લખી શકે છે.
7. છજુકાકાની ફરિયાદ સાંભળીને શેઠને તેમના પ્રત્યે દયા આવે છે.
8. પૂજારી અરજી અને ઢેબરાંનાં વખાણ કરે છે.

**વાક્ય કોણ બોલે છે ? તેને થતી લાગણી કૌંસમાંથી પસંદ કરીને લખો. તે પછી તે વાક્ય ભાવ સાથે બોલો.** (ગુસ્સો, દુ:ખ, વેદના, દયા, ઠપકો, હાસ્ય, ખુશી)

**ઉદાહરણ :** ''શેઠની આ દુષ્ટતા હું જોઈ નહિ રહું.'' (કાકીનો ગુસ્સો)

1. બકરી બાગમાં ઘુસાડીને પાછો હોશિયારી બતાવવા આવ્યો છે.
2. શેઠે મને ખખડાવીને ચાર ચાબખા મરાવ્યા.
3. થોડાં પાંદડાં ખાધાં એમાં વળી મૂંગા પ્રાણીને મારી નખાતું હશે!
4. અરજી બહુ ફક્કડ લખાઈ છે.
5. ડાંગ ફટકારી તો બાપડી ત્યાં ને ત્યાં મરી ગઈ.
6. મને માર્યો એ તો અરજીમાં લખ્યું નહિ.

**'હા... હા... હા...' એમ ત્રણ વાર હસો. આ સંવાદોમાં એવું તે શું છે જેનાથી તમને હસવું આવ્યું? કહો.**

1. કાકી કહે, ''બકરી, તું દૂધ દે.''
   બકરી કહે, ''કાકી, તું લીલુંછમ ખાવાનું દે.''
   કાકી કહે, ''લીલુંછમ ખાવાનું તો નથી.''
   બકરી કહે, ''તો દૂધ પણ નથી.''
2. કાકી કહે, ''શું થયું? શેઠે કંઈ નુકસાની આપી?''
   કાકાએ કહ્યું, ''નુકસાનીમાં મને ચાર ચાબખા ફટકાર્યા! જો, આ...''
3. કાકી કહે, ''અરજી લખીશું.''
   કાકા કહે, ''મને કે તને ક્યાં લખતાં આવડે છે?''
   કાકીએ કહ્યું, ''તોય લખીશું.''
4. કાકા કહે, ''અરજી તો ફક્કડ લખાઈ છે, પણ એમાં મને માર્યો એ કેમ લખ્યું નથી?''
   કાકી કહે, ''એ તમે લખો. તમેય મારા જેટલું ભણેલા તો છો.''
   કાકા કહે, ''વાત તો ખરી!''


મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એક મિનિટ માટે તાડાસન કરો. પ્રશ્નોના જવાબ લખો.

1. બકરી છજુકાકાના કાબૂમાં કેમ રહેતી નથી?
2. માળી બકરીને ડાંગ શા માટે ફટકારે છે?
3. બકરી અને કાકી વચ્ચે શી વાતચીત થાય છે?
4. શેઠને ત્યાં જઈ આવીને છજુકાકા કાકીને શું કહે છે?
5. શેઠે નોકર પાસે છજુકાકાને શા માટે ચાબખા મરાવ્યા?
6. છજુકાકાને રસ્તામાં કોણ મળે છે? કાકા શું કરે છે?
7. છજુકાકા કે કાકીમાંથી વધુ હોશિયાર કોણ લાગ્યું? કેવી રીતે ખબર પડી?
8. વાર્તામાં હવે આગળ શું બનશે?

**આપણે વાંચ્યું કે મોટા બંગલાવાળા શેઠની ફરિયાદ કરવા માટે કાકીની મદદથી લખાયેલી અરજી લઈને કાકા રાજા પાસે જવા નીકળ્યા. રસ્તામાં એક પૂજારી સાથે વાતચીત કરી, બંનેએ ઢેબરાં ખાધાં. પૂજારીએ કાકીએ બનાવેલાં ઢેબરાં વખાણ્યાં અને કહ્યું, ''રાજા ચોક્કસ તારી વાત સાંભળીને ન્યાય કરશે...'' હવે જોઈએ રાજાના દરબારમાં શું થાય છે...**

બીજે દિવસે કાકા રાજાના દરબારમાં આવી પહોંચ્યા. દરબારમાં રાજા સોનાના સિંહાસન પર બિરાજ્યો હતો. અત્યારે એ પૂરેપૂરા રાજવી પોશાકમાં ને દબદબામાં હતો. રાજાની બાજુમાં એના બાર પ્રધાનો બેઠા હતા.

કાકાએ રાજાને સલામ કરી ડોકમાંથી પાટિયું કાઢી સામે ધરી કહ્યું, ''મહારાજ, આ મારી અરજી છે. એ વાંચી આપ મારો ન્યાય કરો.'' રાજાએ પોતાના પ્રધાનમંડળ તરફ હાથ કરી કહ્યું, ''અરજી મારા પ્રધાનને આપો, એ મને વાંચી સંભળાવશે.''

કાકાએ અરજી છેલ્લા પ્રધાનના હાથમાં મૂકી. અરજી જોઈને પ્રધાનની તો આંખો જ ફાટી ગઈ. પાટિયું ચારે બાજુથી ફેરવી ફેરવીને એણે જોયું પણ એમાં એને કંઈ લખેલું દેખાયું નહિ. એ જોઈ જ રહ્યો, પણ અરજીનું ધડ કે માથું કંઈ સમજાયું નહિ ત્યારે એણે અરજી પોતાની જોડે બેઠેલા બીજા પ્રધાનને આપી. બીજો પ્રધાન પણ એમાં કંઈ સમજ્યો નહિ. એણે એ ત્રીજા પ્રધાનને આપી. ત્રીજાની પણ એ જ દશા. ત્રીજાએ ચોથા પ્રધાનને આપી, ચોથાએ પાંચમાને, પાંચમાએ છઠ્ઠાને – એમ અરજી બારે પ્રધાનોના હાથમાંથી પસાર થઈ. બધાએ કહ્યું, ''આ તે અરજી છે? આમાં કંઈ જ લખેલું નથી. આવા બેવકૂફને દરબારમાં કોણે આવવા દીધો?''

કાકાનું મોં લેવાઈ ગયું. તે કહે, ''મહારાજ, મારી અરજી–''

ત્યારે રાજાએ હસીને પ્રધાનોને કહ્યું, ''લાવો જોઉં, શું લખ્યું છે અરજીમાં?''

અરજી રાજાના હાથમાં આવી.

રાજાએ પાટિયું હાથમાં લઈ એક ઠેકાણે આંગળી મૂકી કાકાને કહ્યું, ''આ તારું ઘર લાગે છે, નહિ?''

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કાકાએ કહ્યું, ''જી, બરાબર કહ્યું.''

''અને આ તારી બકરી છે.''

''જી, બરાબર કહ્યું.''

રાજાએ કહ્યું, ''બકરી બાપડી સીધે રસ્તે ચાલી જાય છે.''

કાકાએ કહ્યું, ''જી, બરાબર કહ્યું.''

રાજાએ કહ્યું, ''આ શેઠિયો છે. આ શેઠિયાનું ઘર છે. આ શેઠિયાનો બગીચો છે.''

કાકાએ કહ્યું, ''જી, બરાબર.''

રાજાએ કહ્યું, ''આ છીંડું છે. એમાંથી બકરી બગીચામાં પેઠી, પણ અહીં એ કેમ સૂતી છે?''

કાકાએ કહ્યું, ''મહારાજ, શેઠિયાના માળીએ એને માથામાં લાઠી ફટકારી એટલે બાપડી મરેલી પડી છે.''

રાજાએ કહ્યું, ''અરર! શેઠિયાનો માળી આવો ક્રૂર છે! ત્યારે તો શેઠિયો પણ એવો જ હશે.''

કાકાએ કહ્યું, ''જી, બરાબર કહ્યું.''

રાજાએ કહ્યું, ''અહીં આ ઝાડ નીચે કોણ ઊભું છે? કાકા, તમે તો નથી ને?''

કાકાએ કહ્યું, ''હું જ છું, મહારાજ.''

રાજાએ કહ્યું, ''તમે બકરીની દાદ માંગવા ગયા એટલે આ દુષ્ટે તમને ચાબખા મરાવ્યા. એક, બે, ત્રણ, ચાર - ચાર ચાબખા ચોખ્ખા ગણી શકાય છે.''

કાકાએ કહ્યું, ''જી, બરાબર કહ્યું.''

રાજાએ કહ્યું, ''તમારી ફરિયાદ બિલકુલ સાચી છે. આવા દુષ્ટને સજા થવી જ જોઈએ. કોટવાલ...!''

ખાંડું ખખડાવતો કોટવાલ હાજર થઈ ગયો.

રાજાએ કહ્યું, ''બગીચાવાળા શેઠિયાને પકડીને કોટડીમાં પૂરી દો. એની મિલકતમાંથી પચીસ બકરીઓ અને પાંચસો રૂપિયા છજુકાકાને અપાવો. પૈસાના જોરે આવી રીતે કોઈ બીજાને હેરાન કરે એ નહિ ચલાવી લેવાય.''

છજુકાકા ખુશ થઈ ગયા. હરખના આવેશમાં પ્રધાનોની સામે જોઈ એમનાથી બોલાઈ ગયું, ''આ બાર જણા છે દાઢીવાળા, પણ એમાં દિમાગવાળો એકેય નથી. આખા દરબારમાં દિમાગવાળો માત્ર એક જ માણસ છે - રાજા!''

રાજાને આ સાંભળી ખૂબ હસવું આવ્યું.

એના પ્રધાનો પણ હસ્યા.


રાજી થતાં થતાં કાકા ઘરે આવ્યા. ઘરે આવી કાકીને કહે, ''રાજા બહુ ડાહ્યો! બહુ શાણો! મેં અરજી ધરી કે તરત વાંચીને એણે આપણો ન્યાય કર્યો, પણ એના પ્રધાનો સાવ અભણ! એકેય આપણી અરજી વાંચી શક્યો નહિ. કોઈને વાંચતાં જ નથી આવડતું.''

''આવા શાણા રાજાને તમે સલામ કરી'તી ને?'' કાકીએ પૂછ્યું.

''હા, હા, વળી. નીચા નમીને હાથ જોડ્યા હતા.''

''પછી રાજાએ કંઈ કહેલું?'' કાકીએ પૂછ્યું.

છજુકાકા યાદ કરીને બોલ્યા, ''હા, એવું બોલેલા કે તારી પત્નીને કહેજે એ ઢેબરાં બહુ સ્વાદિષ્ટ બનાવે છે. એના જેવાં ઢેબરાં અહીં રાજમહેલમાં પણ બનતાં નથી.''





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **વાતચીત :**
  - વાર્તાના આ ભાગમાં તમને ક્યાં રસ પડ્યો? કેમ?
  - તમને કોના જેવું જીવન જીવવું ગમે? શેઠ જેવું કે રાજા જેવું? કેમ?
  - તમારા ગામની મુખ્ય વ્યક્તિઓ વિશે જાણો છો?
  - ફરિયાદ કરવાની જરૂર શા માટે પડે? ફરિયાદ કરવા ક્યાં ક્યાં જવાય?
  - કોઈ છોકરો તમને અનેક રીતે હેરાન કરે છે. તે માટે આચાર્યને કરવાની અરજીમાં શું શું લખો?
  - આવો રાજા ન હોત તો છજુકાકા અને તેમનાં પત્નીની દશા કેવી હોત?

**'હા' કે 'ના' માં જવાબ આપો.**

1. પૂજારીને કાકીનાં ઢેબરાં સ્વાદિષ્ટ લાગે છે એટલે વખાણ કરે છે.
2. રાજા શેઠની મિલકતમાંથી કાકાને થોડી બકરીઓ અને સો-સોની પાંચ નોટ આપે છે.
3. કાકા કાકીની આગળ રાજાની પ્રશંસા કરે છે.
4. રાજા ઘણી બધી ભાષા જાણતા હતા તેથી અરજી વાંચી શકે છે.
5. છજુકાકાને રાજા અને પ્રધાનો બુદ્ધિશાળી લાગે છે.
6. કોટવાલના કહેવાથી રાજા શેઠને કોટડીમાં પૂરી દે છે.
7. પ્રધાનો અરજી વાંચી શકતા નથી એટલે કાકા પર ગુસ્સે થાય છે.

- **ગીતિકા ગાઈએ : અમે તો સદાય હસનારા!**

**એકવાર અનુલોમ વિલોમ પ્રાણાયામ કરો. પ્રવૃત્તિ નંબર-10 પ્રમાણે વાક્ય લખો અને બોલી બતાવો.**

(પ્રશંસા, ગુસ્સો, ઠપકો, વિનંતી, ખુશી, સહમતિ)

1. આવા દુષ્ટ શેઠને તો જેલમાં પૂરી દેવો જોઈએ.
2. રાજાજી, આપનો નિર્ણય મને બહુ ગમ્યો!
3. વિચિત્ર અરજી લખીને તું અહીં પહોંચ્યો કેવી રીતે?
4. ઢેબરાં બહુ સ્વાદિષ્ટ છે.
5. મહારાજ, આપ મારી ફરિયાદ વાંચીને ન્યાય કરો.
6. જી, બરાબર કહ્યું.

**વાર્તાના ભાગ-1 અને 2માં આપેલા બે ઊંધા અક્ષર વચ્ચેનાં વાક્યો મોટેથી વાંચો અને તૈયાર કરો.**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જોડીમાં કામ કરો. 'શું કહે છે?' વાળા વાક્યોને યોગ્ય ક્રમ આપો.

| શા માટે કહે છે? | કોણ કહે છે? | કોને કહે છે? | શું કહે છે? |
|---|---|---|---|
| (1) સાચો ન્યાય આપવો હતો એટલે | છજુકાકા | શેઠને | ( ) બાગમાં બકરીએ થોડાં પાંદડાં ખાધાં એમાં તો તમારા માણસે મારી બકરીને મારી નાખી છે. |
| (2) પોતાનું દુઃખ વ્યક્ત કરવું હતું એટલે | શેઠ | છજુકાકાને | ( ) બકરી બાગમાં ઘુસાડીને પાછો ફરિયાદ કરવા આવ્યો છે. |
| (3) બાગમાં વધારે નુકસાન ન કરે એટલે. | છજુકાકા | માળીને | ( ) તમારા બાગમાં મારી બકરી ઘૂસી ગઈ છે, તેને બાગમાંથી બહાર કાઢોને! |
| (4) ન્યાય મેળવવો હતો એટલે | છજુકાકા | કાકીને | ( ) શેઠે મને ચાર ચાબખા મરાવ્યા. |
| (5) રાજાનો આભાર માનવો હતો એટલે | કાકી | છજુકાકાને | ( ) અરજી લઈને રાજા પાસે જાઓ તે જરૂર આપણી ફરિયાદ સાંભળશે. |
| (6) ઠપકો આપવો હતો એટલે | પૂજારી | છજુકાકાને | ( ) કાકીએ બનાવેલાં ઢેબરાં તો મને બહુ ભાવ્યાં. |
| (7) શેઠને સાચી વાતની જાણ કરવી હતી એટલે | રાજા | છજુકાકાને | ( 1 ) શેઠની મિલકતમાંથી તમને નુકસાની આપવામાં આવશે. |
| (8) નાસ્તાનાં વખાણ કરવાં હતાં એટલે | છજુકાકા | રાજાને | ( ) તમારો ન્યાય સાંભળીને બહુ ખુશી થઈ. |

(અ) ત્રણ વાર ત્રણ તાળી પાડો. પ્રશ્નોના જવાબ આપો.

1. છજુકાકાની અરજી પ્રધાનો કેમ વાંચી શક્યા નહિ?
2. રાજા અરજી કેમ સમજી ગયા?
3. તમને રાજાની કઈ બાબતો ગમી ગઈ? કેમ?
4. રાજા તમને શાણો લાગે છે? કેમ?
5. ''પછી રાજાએ કંઈ કહેલું?'' કાકીએ એમ ન પૂછ્યું હોત તો આપણને શાની ખબર ન પડત?
6. ''તારી પત્નીને કહેજે કે તે ઢેબરાં બહુ સ્વાદિષ્ટ બનાવે છે.'' આ વાક્ય પરથી તમને શું ખબર પડે છે?
7. વાર્તા પૂરી થયા પછી કાકા-કાકી કેવી રીતે રહ્યાં હશે?

- ઉપરના પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના ઉત્તર લખો.

(બ) પાંચ-સાત વાક્યોમાં ટૂંકનોંધ લખો. (ઘરકામ)

(1) છજુકાકાની બકરી (2) છજુકાકા (3) કાકી (4) રાજા



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**આંખો બંધ કરીને છજુકાકાની આખી વાર્તા યાદ કરો. કૌંસમાં આપેલા શબ્દજૂથોને આપેલાં પાંચ દૃશ્યમાં વહેંચો. (જૂથકાર્ય)**

(ખૂબ રડવું, ચલાવી ન લેવું, વાંચતાં ન આવડવું, બદમાશી કરવી, લખતાં ન આવડવું, **ડાહ્યા હોવું,** સમજદાર લાગવું, મરેલું પડવું, સફાઈ આપવી, હરખમાં બોલાઈ જવું, છૂટા પડવું, અરજી લખવી, રાજી થવું, સમજ ન પડવી, **ન્યાય કરવો,** ડાંગ ફટકારવી, હાથમાંથી પસાર થવું, ફક્કડ લખાવું, વાત સાચી લાગવી, ચીસ પાડવી, હાથમાં મૂકવું, ચોકડી કરવી, લાંબુલસ થઈ જવું, આવેશમાં આવી જવું, વખાણ કરવા, **ફરવા નીકળવું,** સમજી જવું, આંખ ફાટી જવી, હાજર કરવું, ચાબખા ફટકારવા, જેલમાં પૂરી દેવું, યાદ કરીને બોલવું, ઊભું રાખવું, ફરિયાદ કરવી, દાદ માંગવી, આંખમાં આંસુ આવી જવાં, **નુકસાની આપવી,** છોડવું નહિ, નીચા નમવું, નવાઈ પામવું, સાજ કરવી, હાથ જોડવા, વાંચી સંભળાવવું, મારી નાખવું, સલામ કરવી, ઉત્સાહમાં આવી જવું, **અંદર ઘૂસી જવું,** દેખાડી દેવું, સિંહાસને બેસવું, ઈન્સાફ કરવો, સીધે રસ્તે ચાલવું, આંગળી કરવી, સુંવાળું બનાવવું, ખૂબ હસવું, લીટી કરવી, આગ્રહ કરવો)

| | | |
|---|---|---|
| દૃશ્ય-1 | કાકાની બકરી બગીચામાં ઘૂસે છે. માળી તેને મારી નાખે છે. કાકા શેઠ પાસે જાય છે, ત્યાં તેને ચાબખા મારે છે. | અંદર ઘૂસી જવું, |
| દૃશ્ય-2 | છજુકાકા ચાબખા ખાઈને ઘરે આવે છે. કાકી ગુસ્સે થઈને રાજાને ફરિયાદ કરવા અરજી લખે છે, કાકા પણ લખે છે. અરજી લઈને રાજા પાસે જવા નીકળે છે. | નુકસાની આપવી, |
| દૃશ્ય-3 | છજુકાકાને પૂજારી મળે છે. પૂજારીને અરજી વાંચી સંભળાવે છે. છજુકાકા અને પૂજારી ઢેબરાં ખાય છે. પૂજારી ઢેબરાંનાં વખાણ કરે છે. બંને જણ છૂટા પડે છે. | ફરવા નીકળવું, |
| દૃશ્ય-4 | છજુકાકા દરબારમાં અરજી લઈને જાય છે. પ્રધાનો અરજી વાંચી શકતા નથી. રાજા અરજી વાંચીને શેઠને સજા કરે છે. છજુકાકા ખુશ થઈને ઘરે જાય છે. | ન્યાય કરવો, |
| દૃશ્ય-5 | છજુકાકા ઘરે જઈને રાજા વિશે કાકીને વાત કરે છે. કાકી વાત સાંભળીને ખુશ થઈ જાય છે. | ડાહ્યા હોવું, |

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ત્રણ-ત્રણના જૂથમાં બેસો. કોઈ એક દૃશ્યના શબ્દજૂથનો ઉપયોગ કરી સંવાદો બનાવો અને તે ભજવવાની તૈયારી કરો.

વિદ્યાર્થીઓને આ એકમ પૂરો થાય પછી આ આખી વાર્તાને દૃશ્યો મુજબ ભજવવાની તક આપવી.

ઉદાહરણ : દૃશ્ય-1 :

**કાકા : ભાઈ, તમારા બાગમાં મારી બકરી ઘૂસી ગઈ છે, સહેજ બહાર કાઢી આપોને.**

**માળી : ઘૂસી છે કે ઘુસાડી છે?**

ખૂબ ઝડપથી 'તેથી કેમકે' ત્રણ વાર બોલો. 'તેથી' અને 'કેમ કે' નો ઉપયોગ કરી બે વાક્યો બનાવો.

ઉદાહરણ : ખાંડમાં કીડીઓ ભરાઈ જાય છે. મારી મમ્મી ખાંડમાં લવિંગ મૂકે છે.

- ખાંડમાં કીડીઓ ભરાઈ જાય છે તેથી મારી મમ્મી તેમાં લવિંગ મૂકે છે.
- મારી મમ્મી ખાંડમાં લવિંગ મૂકે છે કેમ કે તેમાં કીડીઓ ભરાઈ જાય છે.

1. પક્ષીઓને સેવ કે ચવાણું ખવડાવવું જોઈએ નહિ. સેવ કે ચવાણાથી તેમને રોગ થાય છે.
   - પક્ષીઓને સેવ કે ચવાણું ખવડાવવું જોઈએ નહિ કેમ કે તેનાથી તેમને રોગ થાય છે.

2. બંધ રહેતા કબાટમાંથી વાસ આવે છે. બંધ રહેતા કબાટમાં ફિનાઈલની ગોળી મૂકવી જોઈએ.

3. મને ઘણી બધી વાર્તાઓ આવડે છે. મારા પપ્પા રોજ મને વાર્તાઓ કહે છે.

4. બધો કપાસ બગડી ગયો. છોડ પર ઈયળો પડી ગઈ હતી.

5. કાચબાએ તેનાં અંગો ઢાલમાં લઈ લીધાં. કાચબાને કંઈક અવાજ સંભળાયો.

6. મોટાભાગે ડાંગરનો પાક ચોમાસામાં થાય છે. ડાંગરને વધુ પાણીની જરૂર પડે છે.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાક્ય બનાવો. ત્રણેય ખાનામાંથી શબ્દ/શબ્દ જૂથ પસંદ કરી તેનો ક્રમ ચોથા ખાનામાં લખો. પછી વાક્ય વાંચી સંભળાવો.

| | | | |
|---|---|---|---|
| **ક.** નેન્સીએ પપ્પા પાસે જીદ કરી કે તેઓ તેને મેળામાં ફરવા લઈ જાય. | 1. તેમ છતાં | **અ.** મારે છ દિવસના પ્રવાસમાં જવાનું હતું. | **ક. 5. ઈ.** |
| **ખ.** આરોહીની સાયકલમાં પંચર પડેલું હતું. | 2. પણ | **આ.** શાલીને ધરાર સ્વેટર સાથે ન લીધું તે ન જ લીધું. | |
| **ગ.** અમારા ઘરે મહેમાન આવ્યા. | 3. છતાં | **ઇ.** બગીચામાં રમવા લઈ જાય. | |
| **ઘ.** દાદા-દાદીએ મારા માટે પંચપકવાન બનાવડાવેલા. | 4. તો પણ | **ઈ.** વધુ સમય બેઠા નહિ. | |
| **ચ.** કેયુરની મમ્મી ખૂબ સરસ જમવાનું બનાવે છે. | 5. અથવા | **ઉ.** તેને અમારા ઘરે જ જમવું ગમે. | |
| **છ.** આખી દુનિયામાં રોગચાળો ફેલાયેલો છે. | 6. તેથી | **ઊ.** તેણે સાઈકલ ચલાવવાની ચાલુ રાખી. | |
| **જ.** ઠંડીની ઋતુમાં સાપુતારા જઈ રહ્યાં છીએ. | 7. કેમ કે | **એ.** અમે છેલ્લાં બે વર્ષથી ક્યાંય ફરવા જતાં નથી. | |

છેલ્લા ખાનામાં લખેલા સંકેત તમે બોલો અને તે પ્રમાણે બનતું વાક્ય વિદ્યાર્થીઓ પાસે વંચાવો. દા.ત. 'ક.5.ઈ.' એમ તમે બોલશો એટલે વિદ્યાર્થી એ ત્રણેય ખાનાંમાંના ટુકડા વાંચીને આખું વાક્ય બોલશે.

ઉદાહરણ પ્રમાણે વાક્યો પૂરાં કરો. (જોડીકાર્ય)

ઉદાહરણ : હવે તો હું ખૂબ ઝડપથી ખાઈ લઉં છું <u>તેમ છતાં</u> બધાં એમ જ કહે છે કે આ ગુલ્લીને તો ખાવામાં બહુ વાર લાગે.

1. હું સાંજે દાદા સાથે જોગિંગ કરવા જઈશ <u>અથવા</u> ____________
2. હું આ વૅકેશનમાં મામાના ઘરે નહોતી ગઈ <u>કેમ કે</u> ____________
3. ____________ <u>પરંતુ</u> જઈ શકાયું નહિ.
4. મેં કહ્યું કે મને આખી વાર્તા યાદ છે <u>તો પણ</u> ____________
5. ____________ <u>એટલે</u> મને થોડી બીક લાગી રહી હતી.

ઘાટા અક્ષરે લખેલો શબ્દ ખોટો છે. તેને છેકી ઉદાહરણ પ્રમાણે કૌંસમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો. (કારણ કે, છતાં, તેમ છતાં, તેથી, તો પણ, અને, કે જેથી)

ઉદાહરણ : ત્રણેય અધિકારી શાંત બેઠા હતા **પણ** દિગ્વિજયના ચહેરા પર ગભરાટ હતો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

1. રૉકેટનો સમય જુરાસિક યુગનો સેટ કરેલો ______ રૉકેટ જુરાસિક યુગમાં જઈ શકે.
2. કોઈને નુકસાન ન પહોંચે તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે ______ આપણે પોતાની નિશ્ચિત જગ્યાએ જ ઊભા રહી ડાયનાસોરને જોવા.
3. અમોઘની સૂચનાઓનું પાલન કરવું આપણા ફાયદામાં છે ______ તે આપણો સલામતી અધિકારી છે.
4. ડાયનાસોરે મોટેથી ગર્જના કરી ______ દિગ્વિજય ગભરાઈ ગયો.
5. અમોઘનું રૉકેટ વાગતા ડાયનાસોરે ઝટકો ખાધો ______ ત્યાં જ બેભાન થઈ ઢળી પડ્યો.
6. દિગ્વિજય જંગલ તરફ ભાગ્યો ______ શાંતાને તેની ચિંતા થઈ.
7. અભિષેકે ના પાડી ______ દિગ્વિજય જગ્યા છોડીને આગળ ગયો.
8. પૃથ્વીનું વાતાવરણ સાવ બદલાઈ ગયું હતું ______ દિગ્વિજયના પગ નીચે છેલ્લું પતંગિયું આવી ગયું હતું.

**વાદળી રંગથી લખેલો શબ્દ વાક્યમાં સાચી રીતે વપરાયો હોય તો 'વાહ!' અને ખોટી રીતે વપરાયો હોય તો 'આહ!' લખો, પછી આખું વાક્ય બોલો.**

1. નીરજ આઇસક્રીમ લેવા બજારમાં ગયો **પણ** દુકાન બંધ હતી માટે પાછો આવ્યો.
2. આકાશમાં પુષ્કળ વાદળાં હતાં **તો પણ** રાત પડી ગઈ હોય તેવું અંધારું દેખાતું હતું.
3. હું દર રવિવારે સાંજે કંઈક નવું કામ શીખું **અથવા** બગીચામાં રમવા જઉં.
4. ઘરમાં કશું જ કામ નહોતું **તેથી** તૃષાલી મારા જન્મદિવસની પાર્ટીમાં આવી નહિ.
5. ચક્ષુ આજે શાળામાંથી વહેલી રજા લઈને ઘરે ગઈ **છતાં** તેને લગ્નમાં જવાનું હતું.
6. આયુષે કહ્યું કે તેને કબડ્ડી રમવું ગમે છે **તો પણ** સાહેબે તેને ખોખોની ટીમમાં રાખ્યો.
7. નિયતિએ મને પોતાના ઘરે આવવાનું આમંત્રણ આપેલું **એટલે** મારાથી જઈ શકાયું નહિ.
8. મોહિત પાસે બે બૉલપેન હતી **કેમ કે** તેણે જાનકીની બૉલપેનથી પેપર લખ્યું.
9. નંદાને પીળો રંગ ગમતો નથી **એટલે** એ કદી પીળા રંગનાં કપડાં ખરીદતી નથી.

- **ગીતિકા ગાઈએ : અમે તો સદાય હસનારા!**

**આ પ્રવૃત્તિ કરતાં તમને કેટલો સમય લાગશે? ______ મિનિટ? તમારા શિક્ષક સમય જોશે. પ્રવૃત્તિ પૂરી થયા પછી ચકાસો કે તમારો અંદાજ સાચો પડ્યો કે નહિ? કૌંસમાંથી શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** (અને, તેથી, છતાં, પણ, કારણ કે, અથવા) **(ઘરકામ)**

1. શાળામાં ફિલ્મનું ગીત ગવાય ખરું ______ પ્રાર્થના તરીકે નહિ.
2. કાગડો 'કા...કા...' બોલતો હોય છે ______ તેનો રંગ કાળો હોતો હશે?
3. હું રાત્રે વહેલા ઊંઘી જાઉં છું ______ મને રોજ વહેલી સવારે ઊઠીને યોગ કરવા બહુ ગમે.

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4. મેં તને કીધેલું જ છે કે આપણે બેય ભેગાં મળીને પ્રવૃત્તિ લખીશું __________ તારે જાતે જ લખવી હોય તો પછી તારી મરજી.

5. રોજ બે કિ.મી. ચાલવું જોઈએ __________ એક કલાક કસરત કરવી જોઈએ.

6. મેં નવું કૅલેન્ડર લીધું __________ ખીલી પર ટીંગાડ્યું.

**'બગીચા વિશે છ થી આઠ વાક્ય લખો.' આ સૂચના વાંચીને જય, જયા અને જયંતે નીચે પ્રમાણે જવાબ લખ્યા. તે તપાસીને શિક્ષકે તેમને 10માંથી ગુણ આપ્યા. ગુણ આપતી વખતે શિક્ષકે ચાર મુદ્દા ધ્યાનમાં લીધા. (1) વિષયની વિગતો (2) વાક્યોની લંબાઈ (3) સરસ શબ્દોનો ઉપયોગ (4) અનોખું લખાણ.**

જય : બગીચામાં ઘણાં ઝાડ છે. બગીચામાં બાંકડા છે. બગીચામાં હીંચકો છે. બગીચામાં લપસણી છે. બગીચામાં ફૂલ છે. બગીચામાં ઘણા લોકો છે. [ગુણ : 1]

જયા : બગીચામાં જાતજાતનાં વૃક્ષ છે. વૃક્ષો નીચે બાંકડા ગોઠવેલા છે. એક બાજુએ હીંચકા, લપસણી, ઉચકનીચક છે. બાળકો ત્યાં રમતાં હોય છે. મને બગીચે જવાનું ગમે છે. કારણ કે ત્યાં ન ઓળખતા લોકો મળે છે, નવા દોસ્ત બને છે. [ગુણ : 4]

જયંત : બગીચામાં ઘણાં વૃક્ષો હોય છે. ત્યાં ફૂલછોડ પણ હોય છે. બગીચામાં એકદમ નાનું નાનું ઘાસ હોય છે. તેમાં આળોટવાની અને રમવાની મજા આવે. કેટલાક લોકો ત્યાં બેસીને નાસ્તો કરે છે. ઘાસની ચારે બાજુ ફૂલછોડ હોય છે. તેમના પર રંગબેરંગી ફૂલ હોય છે. બગીચામાં એક બાજુ લપસણી, હીંચકા અને ચીચવો હોય છે. ત્યાં બાળકો રમતાં હોય છે. ત્યાં બેસવા માટે બેન્ચ પણ હોય છે. ઘણા લોકો બગીચામાં ચાલવા, કસરત અને યોગ કરવા જાય છે. ઉનાળાના દિવસોમાં બગીચામાં જવાનું ગમે છે. બગીચામાં ઠંડક હોય છે. મને બગીચો ગમે છે કારણ કે ત્યાં રમવાની મજા પડે છે. [ગુણ : 7]

**જંગલ વિશે છથી આઠ વાક્ય લખો. ધોરણ 6થી 8ના તમારા કોઈ મિત્રને કહો કે તમારો ફકરો તપાસે અને તેને 10માંથી ગુણ આપે.**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તો તમે શું કરો? કહો અને લખો. (જોડીકાર્ય)

**ઉદાહરણ :** તમારી પાસે માપપટ્ટી નથી અને તમારે સીધી લીટી દોરવી છે : (1) નોટના પૂંઠાની ધારનો ટેકો લઈશ. (2) કંપાસની ધાર માપપટ્ટીની જેમ વાપરીશ. (3) લાંબી પેન્સિલનો માપપટ્ટી તરીકે ઉપયોગ કરીશ.

1. તમને ખૂબ તીખું લાગ્યું છે પણ પાસે પાણી કે કશું ગળ્યું નથી.
2. કચરો કાઢવો પડે તેમ છે પણ સાવરણી નથી.
3. છોડને પાણી પિવડાવવું છે પણ પાઈપ કે ડોલ જેવું સાધન નથી.

## મુશ્કેલીના ઉકેલ માટે ઘણા બધા વિચારો આપો. (ઘરકામ)

- કપડું ઝડપથી સૂકવવું.
- તમને ગમતું પૅન્ટ ઢીંચણ નીચેથી ફાટી ગયું છે.
- તમારા દાંતમાં ભાજીનો રેસો ભરાઈ ગયો છે.
- વનભોજન વખતે ચપ્પુ નથી અને બટાકા સુધારવા છે.
- ઉનાળામાં રોડ પર જવું છે પણ ચપ્પલ નથી.
- તમારી ઢીંગલી કે રમકડાંની ગાડી તૂટી ગઈ છે.

- **ચાલો ગાઈએ ગીતિકા : અમે તો સદાય હસનારા!**

## ફકરો વાંચો અને પ્રશ્નોના જવાબ આપો.

બે-ત્રણ દિવસ પછી આ ફકરાનું શ્રુતલેખન કરાવો.

### ગુલાબી તળાવ

દુનિયામાં એવાં ઘણાં અજાયબ સ્થળો છે જેમના વિશે સાંભળતાં વિશ્વાસ ન બેસે. અમેરિકાના સેનેગલમાં આવું જ એક અદ્‌ભુત તળાવ છે, જેનું નામ ‘રેતબા’ છે. ખૂબ જ સુંદર દેખાતું આ તળાવ પાણીના રંગને કારણે પ્રસિદ્ધ છે. તેના પાણીમાં 40 ટકા મીઠું રહેલું છે. મીઠું પકવવું તે ત્યાંના રહેવાસી માટે કમાણીનું મુખ્ય સાધન છે. રેતબા તળાવના પાણીનો રંગ એકદમ ગુલાબી છે. આ રંગ સૂર્યના પ્રકાશ સાથે ઘાટ્ટો અને આછો એમ બદલાતો રહે છે. આ ગુલાબી તળાવના રમણીય દૃશ્યને માણવા દૂરદૂરથી પ્રવાસીઓ આવે છે. આ તળાવના પાણીનો રંગ ગુલાબી કેમ છે એ વિચાર્યું તમે? ચોક્કસ પ્રકારની શેવાળને કારણે. ઑસ્ટ્રેલિયામાં પણ ‘હિલિયર’ નામનું આ જ પ્રકારનું ગુલાબી તળાવ આવેલું છે.

1. ‘રેતબા’ તળાવ વિશે નવાઈ લાગે તેવું શું છે?
2. ‘રેતબા’ તળાવનું પાણી પી શકાય? કેમ?
3. સેનેગલના લોકો મીઠું પકવવાનો ધંધો શા માટે કરતા હશે? ત્યાં બીજો કયો ધંધો વિકસ્યો હશે?
4. દુનિયામાં ગુલાબી પાણીવાળાં તળાવ ક્યાં ક્યાં આવેલાં છે?
5. શું થાય તો આ તળાવનો ગુલાબી રંગ બદલાઈ જાય?
6. તમારી આસપાસનાં તળાવમાં કઈ કઈ વનસ્પતિ થાય છે?
7. આ ફકરામાંથી સરખા અર્થવાળા શબ્દની જોડ શોધીને લખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રવૃત્તિ નંબર 16માં તમે કરેલી તૈયારી મુજબ આખી વાર્તાનું નાટક ભજવો.**

**હસો.**

પંકજ : હેલ્લો રાકેશ, આપણે કાલે સવારે બગીચામાં મળીએ.

રાકેશ : ચોક્કસ, જો હું બગીચામાં પહેલો પહોંચીશ તો દરવાજા પર ✓ ની નિશાની કરી દઈશ કે હું આવી ગયો છું.

પંકજ : ભલે, પણ જો હું પહેલાં પહોંચીશ તો એ લખેલું ભૂંસી નાખીશ.

**(ચર્ચા કરો કે આમાં હસવું આવે એવું શું છે?)**

- **લગભગ સરખા :**

**અંકુશમાં રાખવું**-__________; **બદમાશી**-લુચ્ચાઈ; **સફાઈ કરવી**-__________; **ડાંગ**-લાંબી મજબૂત લાકડી; **ચાબખા મારવા**-(અહીં) કોરડા મારવા; **અદલ ઈનસાફ**-ખરો ન્યાય; **દબદબામાં હોવું**-ઠાઠમાઠમાં હોવું, રોફમાં હોવું; **ધડ કે માથું**-સમજ પડે એવો કંઈ આધાર કે પાયો; **કોટવાલ**-કોટનો-શહેરનો કે ગામનો બંદોબસ્ત રાખનાર અમલદાર; **કોટડીમાં પૂરવું**-કેદ કરવું; **શાણો**-__________


- **શબ્દભંડાર :**

## તને સાંભરે રે...

- વાર્તાનો કયો ભાગ તમને વધારે ગમે છે? કેમ?
- અડધી વાર્તા વાંચ્યા પછી વાર્તામાં આગળ શું થશે, તે વિશે તમને કયા વિચાર આવેલા?
- છજુકાકાની ફરિયાદનું ચિત્ર બનાવવાની પ્રવૃત્તિમાં તમે શું કરેલું?
- વાર્તા વાંચતાં વાંચતાં શિક્ષક ક્યારે ખૂબ હસ્યા હતા?
- ત્રણ-ચાર વાર વાર્તા વાંચ્યા પછી તમને આ વાર્તા વાંચવામાં ઓછી મજા આવી કે વધુ? કેમ?
- એકમની કઈ પ્રવૃત્તિ તમને શિક્ષકની મદદ વગર આવડી ગઈ હતી? કઈ પ્રવૃત્તિ કરવા તમારે મિત્ર કે શિક્ષકની મદદ લેવી પડી હતી?
- 'તેથી' અને 'કેમ કે'નો ઉપયોગ કરી વાક્ય બનાવવામાં કોણે કોણે મજા પડે તેવાં વાક્ય બનાવેલાં? તમને યાદ રહ્યું હોય તે વાક્ય કહો.
- જય, જયા અને જયંતમાંથી તમને કોનું લખાણ ગમ્યું? તમારું લખાણ તેમાંથી કોનાં લખાણ જેવું છે?
- 'તો તમે શું કરો?' પ્રવૃત્તિમાં એકદમ જુદો, મજા આવે તેવો ઉકેલ કોણે આપેલો? કોનો આઇડિયા તમને સૌથી વધારે ગમ્યો હતો?
- આ એકમની કવિતા/વાર્તા તમને કેટલી ગમી? તે મુજબના સ્ટાર શીર્ષક પાસે દોરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



'નવ વસંત'

ચિત્રકાર : યજ્ઞેશ્વર શુક્લ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in